Original Article
ISSN (Online): 2582-7472

ShodhKosh: Journal of Visual and Performing Arts
July-December 2023 4(2), 4990–4996

# LITERATURE AND HISTORY
# સાહિત્ય અને ઈતિહાસ

Bharat Thakor [1]

DOI
10.29121/shodhkosh.v4.i2.2023.6025

**Funding:** This research received no specific grant from any funding agency in the public, commercial, or not-for-profit sectors.

**Copyright:** © 2023 The Author(s). This work is licensed under a Creative Commons Attribution 4.0 International License.

With the license CC-BY, authors retain the copyright, allowing anyone to download, reuse, re-print, modify, distribute, and/or copy their contribution. The work must be properly attributed to its author.

OPEN ACCESS

## ABSTRACT

**English:** In the history of Indian literature, the view of seeing literature and history as complementary to each other has been going on for thousands of years, that is, since our tradition. In Indian tradition, at one time, the entire writing was seen in the special context of poetry. That tradition continues in Sanskrit poetry till Jagannath. In ancient literature, history was known as the science of Puravritta, and scholars have identified Puravritta as the Vedas.

**Hindi:** ભારતીય સાહિત્યના ઇતિહાસમાં સાહિત્ય અને ઇતિહાસને એકબીજાના પૂરક તરીકે જોવાની દૃષ્ટિ હજારો વર્ષોથી એટલે કે આપણી પરંપરાથી ચાલી આવી છે. ભારતીય પરંપરામાં એક સમયે સમગ્ર લેખનને કાવ્યના વિશેષ સંદર્ભમાં જોવામાં આવતું. એ પરંપરા સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં જગન્નાથ સુધી ચાલે છે. પ્રાચીન સાહિત્યમાં ઇતિહાસને પુરાવૃત્તની વિદ્યા તરીકે ઓળખવામાં આવતી, પુરવૃત્તમાં વેદ તરીકે વિદ્વાનોએ ઓળખાવ્યો છે.।

## 1. प्रस्तावना

ઈતિહાસ સામાજિક પરિવર્તનનો મૂળ મંત્ર હોવા ઉપરાંત રાષ્ટ્રજીવનનો પ્રેરણામંત્ર છે. ઈતિહાસ સમાજ જીવનને ચિંતનની દિશાઅને દૃષ્ટિ આપનાર છે, રાષ્ટ્રનું જીવનલક્ષ્ય નક્કી કરવા માટે સમર્થતા આપનાર પણ હોય છે. વર્તમાન પડકારોનો સામનો કરવા માટે જરૂરી મનોબળનું નિર્માણ કરનાર અને ક્ષમતાવાન સાધનમંત્ર છે. ઇતિહાસ 'સ્વ'નો, 'સ્વ-સામર્થ્ય'નો અને 'સ્વકર્તવ્ય'નો આત્મા બોધ આપનાર ગુરુમંત્ર છે. ઇતિહાસના મહત્વ વિશે મહાભારતકારે  સ્પષ્ટ લખ્યું છે કે-

वृत यत्नेन संरक्षेत वित्तमायति च ।
अक्शिणो वित्तत: क्षीण: वृततस्तुहत: ॥

અર્થાત ઇતિહાસ વૃત નું પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું જોઈએ. વિત્ત એટલે ધન, તે આવતું જતું રહે છે. ઇતિહાસ વૃત ના નાશ થવાથી વ્યક્તિ /જાતિ /સમાજ અથવા રાષ્ટ્રનો નાશ થાય છે.

ઇતિહાસના સ્વરૂપ અને પ્રારંભ વિશે શ્રી તત્વ નિધિમાં નોંધવામાં આવ્યું છે કે-

इतिहास: कुशाभास: सूकरास्यो महोदर: ।

अक्षसूत्रम घटम विभ्रत्पंक्जाभरणान्वितः ॥

સૃષ્ટિ સંવતનો પ્રારંભ શ્વેતવરાહ કલ્પથી થાય છે. ઇતિહાસ પુરુષનું મુખ વરાહ જેવુ છે, સમયનું વિશાળ સ્વરૂપ ઇતિહાસના પેટમાં સમાયેલ છે, માટે તેને મહોદર કહેવાય છે, પાર્થિવ ઇતિહાસના રંગરૂપ પૃથ્વીના રંગરૂપથી બને છે, માટે તેને કુશાભાસ કહેવાય છે. ઇતિહાસ સમયના સંખ્યાત્મક નિર્દેશથી સૂત્રબદ્ધ છે માટે ઇતિહાસ પુરુષ અક્ષરમાળા ધારણ કરે છે. જ્ઞાનરૂપી અમૃતનું દાન કરવાનો તેમનો પાવન હેતુ છે માટે તેમના બીજા હાથમાં અમૃત કળશ જોવા મળે છે. ઇતિહાસ પુરુષનું શરીર કમળના આભૂષણોથી સજ્જ છે. કમળ એ સ્વયં સૌદર્ય, વિકાસ અને આનંદનું પ્રતીક છે.

સ્થળ અને સમયના પાસાઓમાં બંધાયેલી ઇતિઓ-પ્રમુખ ઘટનાઓની વિશિષ્ટતા દર્શાવતું શરીર સંપત્તિ જેવુ જ સ્વરૂપ ઇતિહાસ છે. સૃષ્ટિના સર્જન–વિસર્જન, જાતિઓનાં ઉત્થાન–પતન, પડકારો અને તેનો સામનો, વ્યષ્ટિ–સમષ્ટિના વૈભવ–પરાભવનું કારણાત્મક તથા પરિણાત્મક વિશ્લેષણ જ્ઞાનની વિવિધ પદ્ધતિના માધ્યમથી કરવામાં આવે છે પરંતુ સમયના કેન્દ્રબિંદુના વિવિધ વ્યાસથી રચાયેલાં વર્તુળોની ગતિ-પ્રવૃત્તિ-ઘટનાઓના અર્થ, અવધારણા અને વ્યાખ્યાન અસ્તિત્વનું સ્થાપન કરે તે ઇતિહાસ છે.

ભારતીય ઇતિહાસના અધ્યયન કર્તાઓએ એક બાબત પર સવિશેષ ધ્યાન રાખવું જોઈએ કે, આયાત કરાયેલ ‘History’ શબ્દ કરતાં ભારતીય વાડમયમાં પ્રયોજયેલ ‘ઇતિહાસ’ શબ્દનું જ્ઞાન, ધાત્વર્થ-મૂળ અર્થની ઓળખ મેળવવી જોઈએ કારણકે અંગ્રેજી ભાષાના શબ્દોની વ્યુત્પત્તિ અવ્યાકૃત છે. સંસ્કૃત વ્યાકરણ, તત્વજ્ઞાનની ઐતિહાસિક પરંપરા, શાબ્દિક (નામ) અને પદાર્થના રૂપો ને પણ વ્યાકૃત કરવામાં આવે છે. ઇતિહાસ શબ્દનો પ્રાચીન ગ્રંથોમાં વ્યાપક પ્રયોગ જોવા મળે છે, સંસ્કૃત વૈયાકરણો સ્વીકારે છે કે, ‘इति+ ह+ आस’ શબ્દોથી ઇતિહાસ શબ્દ સિદ્ધ થાય છે. આ ત્રણ શબ્દની સ્પષ્ટ સમજણથી જ ‘ઇરતિહાસ’ શબ્દની વિભાવના સ્પષ્ટ થાય છે.

ઇતિહાસ શબ્દનો પ્રાચીન સંદર્ભ અથર્વવેદમાં થયેલ જોવા મળે છે-

‘स वृह्ति दिशांअनुव्यचलत।
ताम इतिहासस्श्व पुराणम च गाथश्व ।
नारशंसि चानुव्यचलत ॥
इतिहास च स पुराणस्य च गाथाना च ।
नाराशंसीना च प्रियंधाम भवति, य एवम वेद ॥’ (अथर्ववेद,15.1.7)

ઇતિહાસ શબ્દનો વ્યુત્પતિ જનક અર્થ વિશ્લેષણથી એ નિષકર્ષ નિકળે છે કે ઇતિ શબ્દ નિરપેક્ષત: એક આંતરિક ગતિ શક્તિનો બોધ આપનાર છે. વ્રતી ‘ઇતિ’ને ગ્રહણ કરીને ‘ઇયમાન’ કહેવામાં આવે છે. ઇયમાન વ્રતી ‘ઇતિશક્તિ’થી સંપન્ન જે મહાન દિશા તરફ ઉત્તમ ગતિઓ નિશ્ચિત સ્વરૂપે કરી હતી, તેને જ ઇતિહાસ કહેવામાં આવે છે. આ જ ઇતિઓનું અભ્યાસ ઇતિહાસમાં કરવામાં આવે છે. ઇતિહાસ મહદ અંશે સમાજમૂલક હોય છે, સમાજ જ ઇતિહાસનો સંવાહક હોય છે. અને સમાજમાં સાંસ્કૃતિક પરંપરાઓના રૂપમાં ચરિતાર્થ કે ક્રિયાન્વયન પરક એક ધ્યેય તરફની ગતિ-ઇતિ દેખાય છે. ઇતિહાસ શબ્દનો આ પ્રથમ આયામ છે.

ભારતીય ઇતિહાસની નજરે કહી તો કે સનાતન ધર્મની દ્રષ્ટિ છે, આધ્યાત્મિકતાની દ્રષ્ટિ છે, ધર્મ, અર્થ, કામ, મોક્ષ ઉપર અવલંબિત ચાર પુરુષાર્થની દ્રષ્ટિ છે, માનવના સમગ્ર ક્રિયા કલાપોને સંપૂર્ણતાથી જોવાની દ્રષ્ટિ છે, લોક અને પરલોકની ચિંતનની દ્રષ્ટિ છે. તેમજ ભૂતકાળની પરંપરાઓ, ભુલાઈ ગયેલાં અને વિસ્મૃત થયેલાં તથ્યો ઉપર આધારિત વ્યાપક દ્રષ્ટિ છે.

પ્રસિદ્ધ ચિંતક આનંદશંકર ધ્રુવે નોંધ્યું છે કે ‘ઇતિહાસકારોને કોઈને કોઈ જાતના ચશ્માં આંખે ચઢાવ્યા વગર ભૂતકાળમાં દૂર નજર પહોંચાડવી કઠણ છે. કવિને જેટલી સોંદર્યની પ્રતિભા જોઈએ, તેટલી જ ઈતિહાસકારને ઇતિવૃત્તની જોઈએ. એ પ્રતિભામાં જેમ કોઈ કવિ અલંકારપ્રિય હોય છે, કોઈ રસપ્રવણ હોય છે, કોઈ સૃષ્ટિ સૌંદર્યમાં મહાલે છે, કોઈ મનુષ્ય હૃદયને પૂજે છે, તેમ ઈતિહાસકારમાં પણ કોઈ રાજ્ય તો કોઈ સમાજ, કોઈ અર્થ તો કોઈ ધર્મ અને કોઈ વળી સંસ્કૃતિની ભાવનાની જ દ્રષ્ટિએ ભૂતકાળ જુએ છે. કોઈ પરસ્પર રાજ્યોની લડાઇઓ, તો કોઈ રાજા પ્રજાના જ ઝઘડા, કોઈ અમીરના કલહ તો કોઈ ધર્મના વિગ્રહ, કોઈ જડ ચૈતન્યવાદ તો કોઈ વ્યક્તિ-સમષ્ટિનાં બળ એમ અનેક દૃષ્ટિએ ભૂતકાળનાં પાનાં વાંચે છે’.

વિધિવત ઇતિહાસ ગ્રંથથી જયાં વિકસિત ન હોય ત્યાં સાહિત્ય દ્વારા સામાજિક ઇતિતહાસના અંકોડા મેળવી શકતા હોય છે. સાહિત્ય દ્વારા આપણે સત્યની શાખ પૂરતાં પૂરતાં મૂળ સ્થિતિએ તો નહીં, પરંતુ એ ભાવસ્થિતિની ઝાંખી કરાવવામાં સફળતા મેળવી શકીએ છીએ. ઇતિહાસ જાણવા માટેનાં અનેક સાધનો હોય છે. એમાં સૌથી મહત્વનું અને મોટું સાધન સાહિત્ય છે, સાહિત્યના ઉપાદનરૂપ ભાષા અને તેના પ્રયોગો જેને આધારે ભાષાશ્રયી પુરતત્વનું શાસ્ત્ર રચાયું છે, તે પણ સાંસ્કૃતિક ઇતિહાસનું એક અગત્યનું સાધન છે. સાહિત્યનુ સર્જન જે તે સમય કે યુગમાં રચાયેલું હોય છે. તેથી તે યુગનો અભ્યાસ સાહિત્યને સમજવામાં ઉપકારક થાય છે. જીવનને જુદી જુદી દૃષ્ટિએ સ્પર્શતા ઇતિહાસ અને સાહિત્ય જેવા બે મહત્વપૂર્ણ વિષયો આ પ્રકારના અધ્યયનમાં અમુક કોટિએ જાણે કે એકતા પામી જાય છે. ઇતિહાસ આમ તો સાહિત્યનો એક પ્રકાર જ છે. આમ છતાં વાર્તા, કાવ્ય, નાટક અને નવલકથાથી તદ્ન ભિન્ન છે. આ સાહિત્યિક પ્રકારોમાં કલ્પનાને અવકાશ છે. ઇતિહાસ એના કરતાં ભિન્ન છે. તે એવી કળા છે કે તેમાંના તમામ પાત્રો વાસ્તવિક હકીકત હોય છે. તેથી જ ટ્રેવેલિયન, ગીબલ, કાર્લ લાઇલ જેવા વિદ્વાનો આ અર્થમાં જ ઇતિહાસ સાહિત્યનો એક પ્રકાર છે, તેવું માને છે.

સાહિત્ય અને ઈતિહાસનો પરસ્પર સંબંધ ભારતમાં પોતાની રીતે ખાસ અને અલગ રહ્યો છે. ગત ઘણા વર્ષોથી યુરોપ કહેવાતા ક્ષેત્રના વિભિન્ન દેશોમાં આધુનિક સાહિત્યનો વિકાસ પણ છેલ્લા  દોઢસો વર્ષમાં જ થયો છે. તેના પહેલાં વિવિધ (યુરોપીય કહેવાતા) દેશોમાં કેટલીક પ્રાચીન જાતિઓ કે જનસમુહોની વીરગાથાઓ અને પ્રેમગાથાઓ જ હતી, જેના થોડા જ અંશ બચી રહ્યા છે. ઉદાહરણ માટે જેને પ્રાચીન અંગ્રેજી સાહિત્ય કહેવામાં આવે છે, તેમાં માત્ર કેટલાક ધાર્મિક (પાંથીક) અને પ્રેમાત્મક તથા શોકાત્મક ગીતો જ છે, જે માત્ર ચાર પાંડુલિપિઓમાં છે. ખરેખર તો આ લગભગ ચાર પાનાં છે. તેના આધારે જ વીસમી સદીમાં અંગ્રેજી સાહિત્યના ઈતિહાસના નામે સૈકડો પાનાં રચવામાં આવ્યા, જેનો એક-એક શબ્દ અને એક-એક પંકિત કાલ્પનિક, અતિરંજીત અને પરીકલ્પનાઓથી ભરપૂર છે, જેને વ્યાખ્યા કહેવામાં આવે છે. પરંતુ જેને કોઈ પ્રામાણિક અને પારીભાષીક અર્થમાં વ્યાખ્યા નહીં કહી શકાય. તેને માત્ર ઈચ્છીત ગરિમામંડન જ કહી શકાય છે. ૧૨મી થી ૧૪મી સદીના વિષયમાં પણ ઘણું ઓછું જ સાહિત્ય ઉપલબ્ધ છે અને તેનું સૈંકડો પાનાઓમાં વિશ્લેષણ ૨૦મી સદીમાં કરવામાં આવ્યું છે. ચોસર પહેલા અંગ્રેજી કવિ છે. તે મુખ્યત: ફ્રેંચ અને ઈતાલવી ભાષાઓથી લેવાયેલા શબ્દોના આધારે દરબારી ગીત લખે છે. તેને જ પહેલું અંગ્રેજી કાવ્ય કહેવાય છે. તે ૧૪મી સદીના ઉતરાર્ધમાં જ થયો છે. આ જ સમયે પહેલીવાર બાઈબલ અંગ્રેજીમાં જોન વાયકલીફે પ્રસ્તુત કર્યું, જેને લઈને ૨૦૦ વર્ષો સુધી એ ચર્ચા ચાલી કે તે પ્રામાણિક છે કે નહિ.

૧૬મી સદી ઈસ્વીનમાં પહેલીવાર કેટલુંક ઉલ્લેખનીય સાહિત્ય અંગ્રેજીમાં રચવામાં આવ્યું, જેમાં સર્વોત્તમ કવિ શેકસપિયર છે. શેક્સપિયરની કોઈ પણ રચનામાં ઈતિહાસ નથી. ૧૬મી સદી ઈસ્વીનમાં જ પહેલીવાર વ્યવસ્થિત અંગ્રેજીમાં પ્રથમ વાર બાઈબલ તૈયાર થયું. જેને ખરેખર અંગ્રેજીનું પ્રથમ બાઈબલ માનવામાં આવે છે. આ રીતે જે સમયે રામચરિત માનસની રચના થઈ રહી હતી, તે સમયે અવ્યવસ્થિત અંગ્રેજીમાં પ્રથમવાર બાઈબલ લખાઈ.  ફ્રેંચ ભાષાનું સાહિત્ય આનાથી લગભગ ૧૦૦ વર્ષ જૂનું છે. જર્મન ભાષાનું સાહિત્ય પણ ૧૬મી સદી ઈસ્વીથી ઉલ્લેખનીય રૂપે સામે આવે છે. સાહિત્યમાં જે પણ પ્રતિકૃતિ આ દિવસોમાં અંગ્રેજી તથા યુરોપીય ભાષામાં પ્રચલિત છે, તે ૧૯મી સદી ઈસ્વીના ઉત્તરાર્ધમાં જ યૂરોપમાં  વિવિધ દેશોમાં પાદરીઓ અને રાજવાડાઓથી અલગ બહાર શિક્ષણનો પ્રસાર પ્રથમવાર થયો. ૧૮૪૮ ઈસ્વીમાં જ્યારે અભિજન જનતાના દબાવામાં પહેલીવાર જનસાધારણને જે પણ થોડા અધિકાર આપવા વિષે એક અરજી તૈયાર કરવામાં આવી અને તેણે સંસદમાં, જે ત્યાં સુધી માત્ર કેટલાક જમીનદારો, પાદરીઓ અને રાજપુરૂષો દ્વારા જ બનતી હતી, તૈયાર કરવામાં આવી, અને તે અરજી સંસદ દ્વારા એટલા માટે રદ કરવામાં આવી કારણ કે અરજીમાં હસ્તાક્ષર કરવા વાળાઓના સ્થાન પર હસ્તાક્ષર કરવામાં જ નહોતા આવ્યા. આ એ સમય હતો, જ્યારે જનસાધારણની વચ્ચેથી ઉગ્રવાદી વિદ્રોહી અચાનક ઊભા થઈ જતા હતા અને રાજપુરૂષો પર હિંસક હમલા કરવા લાગતા હતા.  ૧૯મી સદી ઈસ્વીમાં પ્રથમવાર યુરોપના લોકોએ બંદૂક અને પિસ્તોલ વિશે જાણ્યું અને જાણતા જ પિસ્તોલનો ઉપયોગ ત્યાંના વિદ્રોહી લોકો રાજપુરૂષો પર કરવા લાગ્યા હતા, જેના કારણે રાજાઓની સંતાનોનું ભરણ-પોષણ દૂર-દૂર રાજભવનોમાં. આથી તેમના ઘણાં વિદ્રોહને કઠોરતાથી કચડી નાખવામાં આવતા હતા. તેમાંથી સૌથી પ્રસિધ્ધ ચાર્ટીસ્ટનો હતો, જે શસ્ત્રગાર લૂંટીને (મુખ્યરૂપે તલવાર, ભાલા, કુલહાડી અને થોડી બંદૂકો જ શસ્ત્રગારમાં રહેતી હતી. આ બંદૂકો ચીન કે ભારતથી લાવવામાં આવી હતી.) હિંસક હુમલાઓના રૂપે કરવામાં આવતા હતા અને જેની ગુપ્ત જગ્યાએ તાલીમ ચાલતી હતી.

૧૮૩૨ ઈસ્વીનના પ્રસિધ્ધ ચાર્ટીસ્ટ આંદોલનની મુખ્ય માંગ એ હતી કે ઇંગ્લેન્ડના બધા જ પુરુષોને મતદાન કરવાનો અધિકાર મળે. (સ્ત્રીઓને મતદાન કરવાની ત્યારે કોઈ વાત ઊઠી નહોતી, કેમકે ત્યાં સુધી આ સર્વમાન્ય હતું કે ખ્રિસ્તી સ્ત્રીઓમાં પણ આત્મા નથી હોતી. તો પછી દુનિયાની સ્ત્રીઓને તો હોવાનો પ્રશ્ન જ નથી.) આ આંદોલનના સામે સુધી આંદોલનકર્તાઓને પાંચથી આગળની ગણતરી આવડતી જ નહોતી અને પાંચ સુધી પણ તેઓ આંગળીઓથી જ ગણીને ગણતરી કરી શક્યતા હતા ૧૮૩૯ ઈસ્વીમાં પુન: આંદોલન થયું અને કહેવાતા સંસદે તેના માંગપત્રનો સ્વીકાર કરવાની મનાઈ કરી દીધી, જેનાથી હિંસા ભડકી ઊઠી. હિંસક ટોળાએ હોટલને લૂંટી લીધી. કારણકે તેઓ હોટલોને ધનિકોનું એશોઆરામનું સ્થળ માન્યતા હતા. હોટલોમાં બંદૂકધારીઓ હાજર હતા, જેમણે હુમલાખોરોને ગોળી મારીને મારી નાંખ્યા. નેતાઓને ઘાયલ કરી પોતાની સાથે લઈ જઈને સાર્વજનિક રૂપે ફાંસી આપી દીધી. આવું જ એક મોટું આંદોલન ૧૮૪૮ ઈસ્વીમાં થયું, જેમાં ૫૦ હજાર આંદોલનકર્તા સામેલ થયા. પરંતુ બંદૂક ચલાવીને બધાને ભગાડી મૂક્યા. તે સમયે કવિઓએ તેમને ‘અસંગઠીત નિષ્ફળતાઓ’ નામ આપ્યું અને આ રીતે દરબારી ખુશામતખોરોનો જ પરિચય થયો. ૧૯મી સદી ઈસ્વીના ઉત્તરાર્ધમાં બ્રિટનના એક અંગ આયરલેંડના એક મોટા ભાગમાં બટાકાની ખેતી બરબાદ થઈ જવાના કારણે લાખો લોકો ભૂખે મારી ગયા. જેના કારણે આયરીશ લોકો અંગ્રેજોથી ખૂબ ઘૃણા કરવા લાગ્યા. ત્યારે પણ ૧૮૪૫-૪૬ ઈસ્વીમાં લંડનના આજુબાજુના રસ્તાઓ પર રસ્તાની બાજુમાં થોડા-થોડા અંતરે ભૂખથી મરેલા લોકોની લાશો પડેલી મળતી હતી અને ભારત તથા અન્ય દેશોથી લૂંટનો માલ લઈ જઈને લંડનના બજારમાં થોડી સમૃધ્ધિવાળા વેપારી લોકો અને રાજકીય લોકો ત્યારે આ જ ચર્ચા કરતાં હતા કે બિચારા ભૂખથી મારતા લોકોની દશા દયનીય છે પણ કંઈ કરી શકાય નથી, કારણ કે આપણે દેશને સમૃધ્ધ બનાવવાનો છે. તારક આપવામાં આવ્યો કે આર્થિક સમૃધ્ધિનો આપનો આ પ્રયાસ ભૂખમરી અને કંગાલીના સંદર્ભમાં રદ્દ તો કરી શકાય નહિ. અહીં આ પ્રયાસનો મુખ્ય આશય હતો ભારત અને અમેરિકી દેશોથી લૂંટીને લાવવામાં આવેલી સંપતિની આપસમાં વહેંચણી. પરંતુ યથાર્થવાદીના ઉદયના તે સમયમાં પણ કોઈ પણ પ્રમુખ અંગ્રેજ લેખકે ઇંગ્લેન્ડની આ દશાનું ચિત્રણ પોતાના સાહિત્યમાં નથી કર્યું. તેનું ચિત્રણ તો માત્ર માકર્સે અને કેટલાક અન્ય સમાજવાદીઓ તથા કોમ્યુનિસ્ટોએ પોતાના રિપોર્ટમાં કામ કર્યું. સાહિત્યનો તે વિષય નહોતો બન્યો. આ રીતે ના તો ભૂતકાળનો ઈતિહાસ અને ના તો પોતાના સમયનો ઈતિહાસ યૂરોપમાં સાહિત્યનો વિષય બન્યો છે. આ તથ્ય વિષે ભારતના શિક્ષિતોઓને ઘણી આછી જાણકારી છે.

અહીં એ પણ યાદગાર છે કે આધુનિક અર્થોમાં ‘હિસ્ટ્રી’ લખવાની શરૂઆત યુરોપમાં ખરેખર તો ૨૦મી સદી ઈસ્વીમાં થઈ છે. જેમાં કે ત્યાંના આધુનિક વિદ્વાનોની આદત છે, બધા અનુશાસનને વધારામાં વધારે શક્ય હોય તો જુનો જોવાનો પ્રયત્ન કરે છે અને એટલા માટે યવન ઇતિહાસકાર હેરોડોટસ (ઈસા પૂર્વ ૫મી સદી)ને ‘હિસ્ટ્રી’ નો ‘પિતા’ બતાવે છે. પરંતુ હકીકત તો એ છે કે યવન ભાષા કે હેલા ભાષાના વિષે યુરોપીય વિદ્વાન ઘણું ઓછું જાણે છે અને હજુ ભાષાની પૂરી શોધ કરવાની બાકી છે. તેઓ તો તેને ગ્રીક કહે છે, જેનો અર્થ થાય છે, ગામની ભાષા. કોઈ પણ યવન પોતાની ભાષાને ગ્રીક કહેતા નથી અને પોતાના દેશને ગ્રીક કહેતા નથી અને પોતાના દેશને ગ્રીક કહેતા નથી. આજે પણ તે પોતાને ‘હેલેનિક ગણરાજ્ય’ કહે છે. તેને ગ્રીસ માત્ર અંગ્રેજીમાં કહેવામાં આવે છે. લેટિનના માધ્યમથી કોઈ પણ રીતે યવન ભાષાની અડધી-પડધી સમજ ૨૦મી સદી ઈસ્વીમાં યુરોપીય વિદ્વાનો દ્વારા બની છે. ત્યારે પણ હેરોડોટસ દ્વારા લખાયેલું જે કઈ લખાણ ઉપલબ્ધ છે, તે યવન સંસ્કૃતિનું થોડું વર્ણન માત્ર છે. તેણે આધુનિક અર્થમાં ‘હિસ્ટ્રી’ કહેવું અશક્ય છે. તેને માત્ર વાર્તા કહી શકાય છે.

એમ પણ યવન મૂળ ‘હિસ્તોરીયા’નો અર્થ છે- તપાસ કે જિજ્ઞાસાથી પ્રાપ્ત જ્ઞાન. અંગ્રેજી ભાષામાં આ શબ્દ પ્રથમવાર ૧૩૯૦ ઈસ્વીમાં ઉપયોગ કરવામાં આવ્યો, જેનો અર્થ થતો હતો- ‘વાર્તા’. ૧૬મી સદી ઈસ્વી પછી ‘હિસ્ટ્રી’ શબ્દનો પ્રયોગ થવા લાગ્યો, પરંતુ ત્યારે તેનો અર્થ હતો- ‘મનુષ્યોની સાથે જે બન્યું, તેનું અધ્યયન.’ આધુનિક અર્થમાં તેનો પ્રયોગ ૨૦મી સદી ઈસ્વીમાં જ થયો છે. તે કયા અર્થમાં થયો, તેને સમજવા માટે ઈ. એચ. કાર દ્વારા લખાયેલી પુસ્તક ‘વોટ ઇસ હિસ્ટ્રી’ એના માટે યોગ્ય ગ્રંથ છે. આ પુસ્તક ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં લખાયેલું હતું. તેમાં કાર સ્પષ્ટ કહે છે કે વિજેતાના પક્ષે ઘટનાઓનું વિશ્લેષણ જ ઈતિહાસ છે. તેઓ કહે છે– ‘સુનિશ્ચિત ઐતિહાસિક તથ્યોની વાત કરવી અને ઇતિહાસકારની વ્યાખ્યાથી તે તથ્યોને સ્વતંત્ર માનવું કે બતાવવું એક ‘ફેલેસી’ (ભ્રાંતિ કે પ્રાથમિકતા) છે. છતાં પણ ઈતિહાસકારોમાં આ ભ્રાંતિ ઘણી ઊંડી અને વ્યાપક છે. તથ્ય એ છે કે આપણે હંમેશા પોતાના માટે ઉપયુકત તથ્ય પસંદ કરીએ છીએ. ઉદાહરણ માટે કરોડો લોકોએ રુબિકાન નદી પાર કરી હશે. પરંતુ ઈસા પૂર્વ ૪૯મા જુલિયસ સિજારે જ્યારે તે

નદી પાર કરી, તો ઇતિહાસકાર તેનો ઉલ્લેખ કરે છે તેનો અર્થ એ છે કે જે ઘટનાનો ઈતિહાસ લેખક પોતાની દૃષ્ટિથી મહત્વપૂર્ણ માને છે, તેનું જ ગુણગાન કરે છે. ઇતિહાસકાર ભૂતકાળના તથ્યોને સ્વૈચારી (મનગમતી) રીતે જ પસંદ કરે છે અને તેમાં તેમનો પોતાનો એજન્ડા અને પૂર્વગ્રહ છુપાયેલો રહે છે.' કારે કહ્યું કે 'આ દિવસોમાં (૧૯૬૧ ઈસ્વીમાં) ઈંગ્લેન્ડમાં ઇતિહાસકાર કહેતા ફરે છે કે ઈતિહાસ માત્ર 'સંયોગવશ ઘટિત ઘટનાઓનો સંગ્રહ' છે, તેનું કારણ એ છે કે ૧૯૫૦ ઈસ્વીની આજુબાજુથી દુનિયાભરથી બ્રિટીશ સામ્રાજ્ય અચાનક સમેટાવા લાગ્યું અને અંગ્રેજ ઈતિહાસકારોમાં ઘણી નિરાશા છવાઈ ગાઈ. જ્યારે ખરેખર તો ઈતિહાસની પ્રત્યેક ઘટનાનું એક ચોક્કસ કારણ હોય છે. તે ઘટનાઓ તેવી જ થવાની હતી. એટલા માટે ઇતિહાસકારે જે કઈ ઘટિત થઇ જાય, તેના પક્ષમાં લખવું જોઈએ. કારણ કે તેવું થવાના ચોક્કસ કારણ હોય છે.

ફર્નાંડ બ્રાડેલ પ્રસિદ્ધ ફ્રેંચ ઇતિહાસકાર છે અને પીટર જોએચિમ ફ્રોહીલ્સ (પીટર ગે) જર્મન ઇતિહાસકાર છે. આ બધા ૨૦મી સદી ઈસ્વીના જ ઇતિહાસકાર છે અને તેમાં પણ ખાસ કરીને ૨૦મી સદી ઈસ્વી ઉત્તરાર્ધના. તેમના પહેલા કોઈ વાસ્તવિક અને આધુનિક અર્થોવાલા ઇતિહાસકાર યુરોપમાં થયા જ નથી.

આ પૂર્વ પક્ષના સંદર્ભમાં આપણે ભારતીય સંદર્ભમાં ઈતિહાસને સમજવો પડશે અને ત્યાર પછી સાહિત્યમાં ઈતિહાસની સ્થિતિ સમજાવી પડશે. ભારતમાં ઇતિહાસનો અથ છે – ચોક્કસપણે આ પ્રમાણે થયું હતું, એવું જે કહેવામાં આવે છે, તે ઈતિહાસ છે. (इति हैवमासिदिती य: कथ्यते स इतिहास: निरुक्तभाष्यवृत्ति २।१०) અમરકોશ અનુસાર ઈતિહાસ અને પ્રાચીન યુગનો વૃતાંત પર્યાય છે. તેના પર સર્વાનંદે પોતાની 'ટીકાસર્વસ્વ'માં લખ્યું છે કે 'પરંપરાથી જે કહેવામાં આવે છે કે આવું થયું હતું, તે ઈતિહાસ છે.' આચાર્ય ચાણક્ય અનુસાર 'पुराणंपुराणम् - इतिवृत्तम् आख्यायिका - उदाहरणं - धर्मशास्त्रम अर्थशास्त्रम चेति इतिहास:' – પુરાણ, ઘટના, દંતકથા, ધર્મશાસ્ત્ર અને અર્થાશાસ્ત્રને જોડીને ઈતિહાસ થાય છે. સ્પષ્ટરૂપે અહીં આચાર્ય ચાણક્યની દૃષ્ટિમાં મહાભારત છે જે સર્વમાન્ય ઈતિહાસગ્રંથ છે. પોતે શ્રી વેદવ્યાસે અથર્વાંગિરસ, આશ્વલાયન, સૂત વગેરે ઈતિહાસકારોનો ઉલ્લેખ કર્યો છે.

મહાભારત સર્વમાન્ય ઈતિહાસગ્રંથ છે અને તે સાહિત્યગ્રંથ પણ છે. એ જ પ્રમાણે રામાયણ સર્વમાન્ય ઈતિહાસગ્રંથ છે અને તે સાહિત્ય પણ છે. આથી શ્રેષ્ઠ સાહિત્ય ખરેખર તો ઈતિહાસ પર આધારિત હોય છે. ભારતીય પરંપરા આ જ છે. કાલિદાસનું 'રઘુવંશમ' પણ ઈતિહાસ ગ્રંથ છે તથા તે સાહિત્ય પણ છે. તદોપરાંત બધા મુખ્ય પુરાણ ઈતિહાસગ્રંથ છે અને તે બધા સાહિત્ય પણ છે. મહાકવિ માઘની બાણભટ્ટની 'હર્ષચરિતમ', મહાકવિ શ્રીહર્ષની 'નૈષધીય ચરિત' વગેરે પ્રસિદ્ધ સાહિત્યિક રચનાઓ ઈતિહાસ પર આધારિત છે. પરંતુ પ્રત્યેક સાહિત્યગ્રંથ ઈતિહાસ પર આધારિત હોય, એ જરૂરી નથી. ત્યારે પણ સાહિત્યનો મુખ્ય આધાર ઈતિહાસમાં થયેલા પ્રસિદ્ધ રાજપુરુષો, મહાપુરુષો અને વિભૂતિઓની યશગાથાઓ જ હોય છે, આ વિષે મહાકવિ દંડી દ્વારા રચિત 'કાવ્યાદર્શ'નો આ શ્લોક ઉદાહરણ છે –

"आदिराजयशोबिम्बमादर्श प्राप्य वाग्ङमयम्,
तेषाषामसन्निधानेङिप न स्वयं पश्य नश्यति."

અર્થાત– પૂર્વમાં થયેલ શ્રીરામ વગેરે શ્રેષ્ઠ રાજાઓનાં યશનું બિંબ જ સાહિત્યરૂપી દર્પણમાં વાણી રૂપે પ્રતિષ્ઠિત થાય છે. ભલે ને તે રાજાઓ આજે હયાત નથી છતાં પણ તેમનો યશ પ્રજામાં તો રહે જ છે અને શ્રેષ્ઠ કાવ્ય તે યશની રક્ષા કરતા રહે છે, જેનાથી તે ક્યારેય નષ્ટ નથી થતું.

અહીં એ પણ સ્પષ્ટ થઇ જાય છે કે સાહિત્ય સમાજનું દર્પણ નથી, પણ તે માત્ર સમાજના શુભ, શ્રેષ્ઠ અને અપૂર્વ પુરુષાર્થ તથા પરાક્રમનું જ સાહિત્ય છે. જે લોકો સાહિત્યમાં સમાજના અશુભ, અશિવ, તુચ્છ તથા હીન રૂપોનું વર્ણન કરે છે, તે સાહિત્યકાર અંતમાં, 'ગટર ઇન્સ્પેકટર' કે નાળુંના નિરીક્ષક છે. એમ પણ સોવિયત સંઘ અને ચીનમાં લગભગ ૫૦ વર્ષો સુધી ખૂબ યથાર્થવાદી સાહિત્ય લખાયું અને તેનાથી સમાજમાં માત્ર પાપ અને નરકનો જ વિસ્તાર થયો, આ તથ્ય આજે સર્વવિદિત છે અને તે દેશોની પ્રજા આવા યથાર્થવાદી સાહિત્યને ધૃણિત અને વાંચી શકાય નહી તેવું જ માને છે.

અહીં અમારો મુખ્ય અભિપ્રાય તો સાહિત્ય અને ઇતિહાસનો આંતર સંબંધ છે. શ્રેષ્ઠ સાહિત્યનો એક અંશ એવો પણ છે, જેનો પ્રત્યક્ષ રીતે ઈતિહાસ સાથે સંબંધ નથી હોતો. પરંતુ ત્યારે પણ તે પોતાના સમાજની સારી ઈચ્છાઓ, શ્રેષ્ઠ સંસ્કારો તથા પવિત્ર ભાવનાઓ,

કોમળ સંવેદનાઓ, ઉદાત્ત ભાવસ્પંદનો અને ઉત્કૃષ્ટ સૌંદર્ય સંવેદના તથા સૌન્દાર્યાનુંભુતિનું વર્ણન તો કરે જ છે. સૌંદર્ય, કોમળતા, પવિત્રતા, ઉદારતા, ભાવમયતા, સદાચાર વગેરે પ્રત્યેક સમાજમાં હોય છે, પરંતુ શ્રેષ્ઠ સાહિત્ય પોતાના જ સમાજની અંદર રહેલા કે રહી ચુકેલા ગુણોનું જ વર્ણન કરે છે અને તેનાથી જ તેઓ સમાજમાં ઊંડી છાપ છોડે છે. આ દૃષ્ટિથી પરોક્ષ રીતે તો આવા સાહિત્યનો ઈતિહાસ સાથે સંબંધ થઇ જાય છે. કારણ કે આ બધા ગુણ અને કારમાં તે સમાજમાં અથવા તો વર્તમાનમાં હોય છે કે પછી ભૂતકાળમાં થયેલા હોય છે અને આ રીતે તે ક્યાં તો ઇતિહાસનો અંગ હોય છે અથવા તો રચાઈ રહેલા ઇતિહાસનો અંગ હોય છે.

પરંતુ સ્વયં ભારતીય આચાર્યોએ શ્રેષ્ઠ સાહિત્યના અન્ય અનેક હેતુ બતાવ્યા છે. આચાર્ય ભરતે સાહિત્ય કે નાટ્યના હેતુ બતાવ્યા છે– તે ધર્મબોધ પ્રદાન કરવાવાળું, યશનો બોધ આપવાવાળું, સ્વાસ્થ્ય અને પ્રસન્નતા આપી આયુષ્યમાં વૃદ્ધિ કરવાવાળું, હિતકારક અને બુદ્ધિવર્ધક હોય છે તથા લોકોપદેશ આપે છે–

धर्मय यशस्यमायुष्यम् हितं बिध्धिविवर्धनम्,
लोकोपदेशजनम् नाट्यमेतद् भविष्यति.

જ્યારે આચાર્ય ભામહ અનુસાર કાવ્યનો હેતુ છે– ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારો પુરુષાર્થો વિષે વિચક્ષણતા પ્રદાન કરવું, કલા ક્ષેત્રે વિચક્ષણતા પ્રદાન કરવું, કવિની કીર્તિને વધારવું અને કવિ તથા કાવ્ય પ્રત્યે સમાજમાં કે સહૃદયમાં પ્રીતિ ઉત્પન્ન કરવી.

મમ્મટ અનુસાર– યશ માટે, ધન માટે, વ્યવહારનું જ્ઞાન કરાવવા માટે, શીવેત્તર (અશિવ અને અશુભ) ને નુકશાન પહોંચાડવા માટે, કાવ્યાનંદ માટે તથા પ્રીતિપૂર્વક ઉપદેશ માટે કાવ્યની રચના થાય છે. ત્યારબાદ પણ અનેક આચાર્યોએ કાવ્યનાં લક્ષણો અને હેતુમાં ખૂબ વિસ્તરણ કર્યું છે. આથી કાવ્યરૂપો કે સાહિત્ય રૂપોની અનંતતાના કારણે બધી જગ્યાએ સાહિત્ય અને ઇતિહાસનો સંબંધ હોવો શક્ય નથી. પરંતુ એટલું જરૂર કહી શકાય કે આપના શ્રેષ્ઠ સાહિત્યનો ખાસ્સો અંશ ઇતિહાસથી પ્રેરિત અને સંબદ્ધ છે. ઈતિહાસ તેનો સ્ત્રોત અને આધાર છે.

પ્રાચીન ગુજરાત અને ગુજરાતી સાહિત્યના મધ્યકાલીન સમયગાળામાં મતિસારકૃત 'કપૂરમંજરી', જેમાં સિદ્ધપુરના રુદ્રમહાલયની શાલભંજિકાઓનું અછળતું વર્ણન છે. આચાર્ય હેમચંદ્રાચાર્યના શિષ્ય રામચંદ્ર દ્વારા રચિત 'કુમારવિહારપ્રશસ્તિ', પદ્મનાભ રચિત 'કાનહડદે પ્રબંધ'માં ધર્મ, સંસ્કૃતિ અને દેશના ઇતિહાસનો મહત્વપૂર્ણ દસ્તાવેજ છે. તેવી જ મહત્વપૂર્ણ જૈન કવિ શાલીભદ્રસૂરિ રચિત કૃતિ 'ભરતેશ્વર બાહુબલિ રાસ' કે 'ભરતેશ્વર બાહુબલિ ઘોર', રણમલ્લ છંદ વગેરે જેવી કૃતિઓને પણ આ સંદર્ભમાં જોઈ મૂલવી શકાય.

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં નર્મદ, દલપતરામ, ફાર્બસ, હિરલાલ ત્રિ. પારેખ, ખબરદાર, નંદશંકર મહેતા, ગોવર્ધનરામ ત્રિપાઠી, ધૂમકેતુ, મનુભાઈ પંચોળી 'દર્શક' ઝવેરચંદ મેઘાણી કનૈયાલાલ મુનશી, ગુણવંતરાય આચાર્ય, ર. વ. દેસાઈ, મોહનલાલ પટેલ અને ચુનીલાલ મડિયા જેવા સાહિત્યકારોની કૃતિઓમાં ઇતિહાસની ઘટનાઓ અને પ્રસંગોનું આલેખન કથા અને કવિતામાં દ્રષ્ટિગોચર થાય છે, અહી માત્ર કેટલાક જ સર્જક નામ આપ્યાં છે, આ સૂચિ લાંબી થઈ શકે તેમ છે. અભ્યાસ લેખની મર્યાદાને કારણે થોડાજ આપ્યા છે.

હિન્દી સાહિત્યમાં પણ સૌથી મહત્વપૂર્ણ રચના ગોસ્વામી તુલસીદાસ કૃત 'રામચરિતમાનસ' જ છે. જે સ્પષ્ટ રીતે ઐતિહાસિક આધાર પર રચિત છે. ભગવાન શ્રીરામ ભારતીય ઇતિહાસના સૌથી ગૌરવશાળી અવતારી પુરૂષોમાંના છે. સૂરદાસ રચિત 'સુરસાગર' પણ ઐતિહાસિક અવતારિએ વિભૂતિ ભગવાન શ્રીકૃષ્ણના બાળચરિત અને જીવનચરિત સાથે જોડાયેલું છે. તે કોઈ કાલ્પનિક કથાનું આખ્યાન નથી. આથી સ્પષ્ટ રૂપે તેનો પણ આધાર ઈતિહાસ સાથે જ છે. એ જુદી વાત છે કે તેમાં ભાવો અને રસનો વિસ્તાર અન્ય અનેક ગુણોના કારણે થયો છે.

આધુનિકકાળમાં મહાકવિ મૈથિલીશરણ ગુપ્તની 'ભારત ભારતી' નો સંબંધ ઈતિહાસ સાથે છે. મહાપ્રાણ નિરાલાની અનેક સશક્ત કવિતાઓ– રામકી શકિતપૂજા, મિર્જારાજા જયસિંહ કે નામ છત્રપતિ શિવાજી કો પત્ર, તુલસીદાસ વગેરે ઈતિહાસ પર આધારિત છે. મહાકવિ જયશંકર પ્રસાદના ઈતિહાસ પર આધારિત નાટક તો બધા જ જાણે છે જ – ચંદ્રગુપ્ત, અજાતશત્રુ, ધ્રુવસ્વામીની, સ્કંદગુપ્ત, રાજ્યશ્રી વગેરે બધા ઈતિહાસ પર જ આધારિત છે. આચાર્ય ચતુરસેન, શ્રી વૃન્દાવનલાલ વારમાં વગેરેથી લઈને આધુનિક સમયમાં 'ખંડોબલ્લાલ' નવલકથાના લેખક શ્રી શ્રીધર પરાડકર સુધી અનેક પ્રમુખ સાહિત્યકારોએ ઈતિહાસ પર આધારિત રચનાઓ લખી છે.

સુભદ્રાકુમારી ચૌહાણ દ્વારા લખાયેલ 'ઝાંસી કી રાની' નામની પ્રસિદ્ધ કવિતા આખા દેશમાં આજ સુધી ગવાઈ રહી છે. મેં ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ ભારત સુધી અનેક સ્થળો પર અનેક લોકો દ્વારા તેને ગાતા સાંભળ્યા છે.

આ રીતે લાલ કવિ રચિત 'છત્રપ્રકાશ' કે મહાકવિ ભૂષણ રચિત અનેક શ્રેષ્ઠ કાવ્ય ઈતિહાસ પર આધારિત છે અને તે જ તેની શકિત પણ છે. શ્યામ નારાયણ પાંડેની પ્રસિદ્ધ કવિતા 'હલ્દીઘાટી કા યુદ્ધ' આજે પણ દેશમાં ગવાઈ છે. આ બધી રચનાઓ સાહિત્ય અને ઇતિહાસના ઘનિષ્ઠ અંતસંબંધોની સાક્ષી પૂરે છે.

સમાજ જીવનને માટે ઇતિહાસ બે રીતે મહત્વનું પ્રદાન કરે છે, એક તો નવાં નવાં તથીઓના સંશોધનો અને અભ્યાસને લીધે પુનરાવલોકન શક્ય બને છે અને બીજું કે, આ સમયમાં સ્વાતંત્ર્ય સંગ્રહમાં જેમણે બલિદાન આપ્યાં છે તેવા વ્યક્તિ, પાત્રો અને તેમનું જીવનદર્શન નવા સમાજને માટે પ્રેરણાનું ભાથું પૂરું પાડશે. આમ, ઇતિહાસ દ્રષ્ટિમાં માનવના ક્રિયાકલાપોનું સંપૂર્ણતાથી ચિંતન જ તેનો આધાર છે, જેમાં વ્યક્તિ, પરિવાર, સમાજ, રાષ્ટ્ર, વિશ્વ, તમામ પ્રાણીઓ તથા ચર અચર તમામ માનવના સંદર્ભમાં તેનાં અંગો છે. આ ચિંતનમાં ન તો ધર્મ 'હેય' છે અને ન તો ચિંતનનો સંપૂર્ણ આધાર છે.।

## સંદર્ભ

ઇતિહાસ વ્યુત્પતિ અને દ્રષ્ટિ, લે. ડૉ. કુંવર બહાદુર કૌશિક તથા અન્ય, પ્રથમ આવૃત્તિ-૨૦૦૨
ઇતિહાસ : સ્વરૂપ અને પદ્ધતિ, લે. રસિકલાલ છો. પરીખ, પ્રથમ આવૃત્તિ- ૧૯૬૯
ઇતિહાસ, સમાજ અને સાહિત્યમાં ગુજરાત, લે. મકરંદ મહેતા, પ્રથમ આવૃત્તિ- ૨૦૦૮
પ્રાચીન ભારત ભાગ-૧, લે. ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, પ્રથમ આવૃત્તિ- ૧૯૬૯
પ્રાચીન ભારત ભાગ-૧, લે. ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, પ્રથમ આવૃત્તિ- ૧૯૭૦
શબ્દસૃષ્ટિ ઈતિહાસ કથા, દિવાળી વિશેષાંક -૨૦૨૦
સાહિત્ય : માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ સંદર્ભે,
સં. ડૉ. નરેશ શુક્લ, પ્રથમ આવૃત્તિ-૨૦૧૪
સાહિત્ય, મૂ. લે. રવીન્દ્રનાથ ઠાકુર,ભાષાંતર- જ્યંતીલાલ આચાર્ય, પ્રથમ આવૃત્તિ-૧૯૪૦
સાહિત્ય દર્શન, વિજયરાય વૈદ્ય, પ્રથમ આવૃત્તિ- ૧૯૩૫
ઇક્કઈસ્વી સદી કા ભારત, ડૉ. ઉમેશ કુમાર સિંહ, પ્રથમ આવૃત્તિ-૨૦૧૮